# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૫ તા.૦૭-૦૩-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- **SMC, SMDC** તાલીમ અન્વયે ત્રીજા દિવસની ટેલિકોન્ફરન્સના આયોજન બાબત.

સંદર્ભ :- તા.૦૨/03/૨૦૨૩ ના એસ પી ઓ કચેરીના પત્ર ક્રમાંક નં. કોમ્યુ.મોબી./૨૦૨૨/ ૧૩૯૮૯-૧૪૦૮૭ અન્વયે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળા વ્યવસ્થાપન સમિતિ(**SMC**)ના સભ્યો તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ(**SMDC**)ના સભ્યો માટે રાજય કક્ષાએથી બાયસેગના માધ્યમથી ત્રીજા દિવસની ટેલિકોન્ફરન્સનું આ સાથે સામેલ સમયપત્રક મુજબ તા.૧૦/03/૨૦૨૩ ના રોજ બપોરે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન પ્રસારણ તથા તા.૧૩/03/૨૦૨૩ના રોજ બપોરે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન પુન:પ્રસારણ વંદે ગુજરાત ચેનલ નંબર-૧ ઉપરથી કરવામાં આવનાર છે.

તાલીમના એજન્ડા નીચે મુજબ છે.

1. શાળા બહારના બાળકો અંગે માર્ગદર્શન
2. DLI-1 અંતર્ગત આધારભૂત માહિતીસભર શાળા વિકાસ યોજના બાબતે માર્ગદર્શન
3. DLI-7 અંતર્ગત આપત્તિ દરમ્યાન બાળકોને સુરક્ષિત રાખવા અને નિરતર અભ્યાસ ચાલુ રાખવા માટેના અભિગમ અંગે માર્ગદર્શન
4. દિવ્યાંગ બાળકો અંગે માર્ગદર્શન
5. વોકેશનલ એજયુકેશન અંગે માર્ગદર્શન
6. WASH તથા MHM અન્વયે માર્ગદર્શન
7. માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટશ્રીનું સમગ્ર તથા SMC,SMDC ના તમામ સભ્યો માટે તમામ બાબતોનું જરૂરી માર્ગદર્શન

સદર તાલીમમાં તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં Teleconference નું પ્રસારણ જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવા સંબધિતોને સૂચના આપશો. સદર તાલીમમાં SMD,SMDC ના તમામ સભ્યો તથા શાળાનો તમામ સ્ટાફ ટેલિકોન્ફરન્સમાં ભાગીદાર થાય તેમજ તાલીમ સમયે બીઆરસી, સીઆરસી, યુઆરસી કો.ઓર્ડિનેટરની ઓનલાઈન ટુર ડાયરીમાં જે શાળા દર્શાવેલ હોય તે શાળામાં ટેલિકોન્ફરન્સમાં જોડાય તે પ્રકારની સંબધિતોને સૂચના આપશો તેમજ જિલ્લા, તાલુકા અને કલસ્ટરના પ્રોજેક્ટ કર્મચારીઓ મોનીટરીંગના ભાગરૂપે શાળા કક્ષાએ તાલીમમાં હાજરી આપે તે માટેનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

સદર SMC, SMDC ટેલિકોન્ફરન્સ અન્વયે અત્રેની કચેરીના પત્રક્રમાંક: એસએસએ/ એસએમસી/ ગ્રા.ફા./૨૨ -૨૩/૧૧૧૭૭-૨૧૪, તા.૧૭/૦૨/૨૦૨૩ તથા પત્રક્રમાંક: એસએસએ/ એસએમડીસી/ ગ્રા.ફા./ ૨૨-૨૩/ ૧૧૧૭૮- ૧૭૬, તા.૧૭/૦૨/૨૦૨૩ ના પત્ર અન્વયે ફાળવેલ ગ્રાન્ટ પૈકી (શાળા કક્ષાએ પ્રતિ શાળાદીઠ રૂ.૭૦૦/-લેખે) Refreshment લેખે ખર્ચ કરવાનો રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

IRMA ધ્વારા તાલીમ લીધેલ ડીસ્ટ્રીક પ્લાનીંગ યુનિટના સમાવિષ્ટ તમામ સભ્યો/NGO ને પણ સદર તાલીમમાં સાંકળવાના રહેશે.

**ખાસ નોંધ:** સદર ટેલિકોન્ફરન્સ પૂર્ણ થયા બાદ SMC, SMDC સભ્યોની તાલીમમાં ભાગ લીધેલ સભ્યોની હાજરીની વિગત તાલુકાવાર જે તે બી.આર.સી કો ઓ ની સહીથી હાર્ડકોપી તથા એકસેલની સીટમાં નીચે પ્રમાણેના પત્રક મુજબ તા.૨૦/03/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાની રહેશે.

| Dist Name | District Planing unit Members-Present | Project staff | Block Name | Present Members | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | BRC | CRC | Principal | SMC Members | | | Others | Total |
| | | | | | | | Female | Male | Total | | |
| | | | | | | | | | | | |

| Dist Name | District Planing unit Members-Present | Project staff | Block Name | Principal | SMDC Members | | | Others | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Female | Male | Total | | |
| | | | | | | | | | |

તા.૦૭-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી